## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, આપણાં સુલભ શૌચાલય અને હંગર ઈન્ડેક્સને કાંઇ લેવા દેવા નથી એ ધ્યાનમાં રાખજો...

# આલમપુર રાજધાની રેસીડેન્સી મકાનમાંથી પાંચ લાખની ચોરી

### નિવૃત એસઆરપી જવાનના ઘરે ચોરી, પરિવાર સંબંધીના ઘરે ગયો હતો : ચોર ઈસમોએ મુખ્ય દરવાજાનું તાળુ તોડી ઘરમાં ઘુસ્યા

ગાંધીનગર, તા.૨૬

આલમપુર-શિહોલી માર્ગ પર આવેલી રાજધાની રેસીડેન્સીમાં નિવૃત એસઆરપી જવાનના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. ચોર ઈસમોએ બંધ મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ. ૫,૦૫,૮૦૦ ની ચોરી કરી પલાયન થઈ ગયા છે. પરિવાર સેકટર-૨૯ ખાતે રહેતા સંબંધીને ઘરે ગયો હતો, તે સમયે નિશાચરોએ ઘરમાં ખાતર પાડ્યું. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એસઆરપીમાં ફરજ બજાવતા અને બે વર્ષ અગાઉ નિવૃત થયેલા સત્યનારાયણ હોશિયારસિંહ આહીર (ઉં.૫૮) આલમપુર ખાતે આવેલી રાજધાની રેસીડેન્સીમાં મકાન નં.૨૯ ખાતે પરિવાર સાથે રહે છે. જયારે સત્યનારાયણ આહીર ગાંધીનગર કડી સ્કુલ ખાતે સિક્યુરીટીમાં ફરજ બજાવે છે. ત્યારે ગત તા.૨૪ ના રોજ સાંજના સાડા છ વાગ્યાના સુમારે ફરીયાદી ઘરને તાળુ મારીને પરિવાર સાથે સેકટર-૨૯ ખાતે રહેતા સંબંધીને ઘરે મુકીને નોકરી પર ગયા હતા. ત્યારબાદ સવારે નોકરીથી આવીને પરિવારને લઈને આલમપુર રાજધાની રેસીડેન્સી ખાતે પરત આવ્યા હતા. ફરીયાદીએ ઘરને તાળુ મારીને ચાવી પાડોશીને આપી હોવાથી તેમની પાસેથી ચાવી લઈને ઘરનું તાળુ ખોલવા જતા જોયું તો ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તુટેલુ હતું. ઘરમાં પ્રવેશ કરીને જોયું તો સો કેશમાં રહેલો સામાન વેર-વિખેર હાલતમાં પડ્યો હતો. જયારે ઉપરના માળે રૂમમાં રહેલી તિજોરી ખુલ્લી હતી. જયારે તિજોરીની અંદર રહેલો સામાન પલંગ પર વેર વિખેર પડ્યો હતો. જેથી ફરીયાદીએ ઘરમાં તપાસ કરતા ૨ તોલાની સોનાની ચેઈન, ૨ તોલાનું સોનાનું મંગળસુત્ર પેન્ડલવાળુ, ત્રણ તોલામાં ચાર પુરુષની અને બે મહિલાની સોનાની વીંટી, અડધા તોલામાં ઓમ અને નાના બાળકની વીંટી, ૫૦૦ ગ્રામ ચાંદીના ઝાંઝર ૫ નંગ, પગમાં પહેરવાનું ચાંદીનું કડું, નાકની નથણી, સોનાની બુટ્ટી, ચાંદીના સિક્કા-૩ સિક્કા અને બાળકના હાથ અને પગના કડા,રોકડા રૂ.૩૫ હજાર મળી કુલ રૂ.૫,૦૫,૮૦૦ ની મત્તા લઈને ચોર ઈસમો ફરાર થઈ ગયા હતા.બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે સત્યનારાયણ આહીરે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ ચોર શખ્સોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં આજે એક મહિના પછી પહેલીવાર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૩૦થી નીચે ગઈ છે. એટલુ જ નહિ નોંધાયેલા કેસ કરતાં ડિસ્ચાર્જની સંખ્યા પણ વધુ નોંધાઈ છે.
- ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામે આવેલ મંગલજીવન આશ્રમમાં રહેતા વૃદ્ધોએ સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે નવરાત્રી પર્વને મનાવ્યુ હતુ.
- ગાંધીનગરમાં સચિવાલય ખાતે સોમવારના પ્રજા મુલાકાતના દિવસે જ મંત્રીઓની ગેરહાજરીને લઈ મુલાકાતીઓમાં નિરાશા જોવા મળી હતી.
- પંચાયતોના ચાર જેટલા એવોર્ડ માટેના અરજીપત્રકો ૧૫મી નવેમ્બર સુધીમાં મોકલી આપવા માટે પંચાયત વિભાગે પરિપત્ર કરી જણાવ્યુ.
- જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય બેચરજી ઠાકોર કોરોનામુક્ત થતાં ડિસ્ચાર્જ અપાયુ છે પરંતુ તેમને હજુ બે સપ્તાહ સુધી ક્વોરોન્ટાઈનમાં રહેવુ પડશે.
- ગાંધીનગર શહેરમાં 'ચ' રોડ 'ઘ' રોડ પર અપાયેલ ડાયવર્ઝનને પગલે ટ્રાફિક ભારણ વધ્યુ છે.





### નવરાત્રીના પોશાકમાં સ્કેટર્સનો નવો લુક

કોરોનાની વૈશ્વિક મહામારીને પગલે બાળકોનું શૈક્ષણિક કાર્ય સદંતર બંધ હાલતમાં છે. ત્યારે બાળકો વિવિધ ઈત્તર પ્રવૃતિઓમાં તરફ રસ દાખવી રહ્યા છે. ત્યારે સેકટર-૨૧ જીમખાના ખાતે સ્કેટીંગની પ્રેકટીસ કરાવવામાં આવે છે. જો કે આ વખતે નવરાત્રીમાં ગરબા રમી શક્યા નથી. જેથી છેલ્લા નોરતે સ્કેટર્સ લર્નર બાળકો દ્વારા નવરાત્રીના પરંપરાગત પોશાકમાં સજજ થઈને સ્કેટીંગ કરી નવરાત્રીનો માહોલ માણ્યો હતો.

## શહેરના ચકચારી એમડી ડ્રગ્સ કેસમાં પોલીસે એફએસએલની મદદ માંગી

શહેરના ચકચારી એમડી ડ્રગ્સ કેસમાં મુખ્ય સુત્રધાર ઓનલાઈન ડ્રગ્સ મંગાવતો હોવાની કબુલાત કરી હોવાનું ધ્યાને આવ્યું છે. તાજેતરમાં શહેરના ગ-૦ થી ઘ-૦ વચ્ચેના સર્વિસ માર્ગ પરથી એક કારમાંથી એસઓજી પોલીસે સેકટર-૨ ખાતે રહેતા રૂષિક દવેને દબોચી લીધો હતો. રૂષિક દવે પાસેથી એમડી ડ્રગ્સની ૭.૪૭ લાખની કિંમતની ૧૫૧ ટેબલેટ મળી આવી હતી.

જયારે આ ડ્રગ્સ કેસમાં મોટેરાના યુવાન નિહાલ સાલ્વીનું નામ બહાર આવ્યું હતું. જેથી પોલીસે મોટેરા ખાતે તેના ઘરેથી તેને પકડી પાડ્યો હતો. કોર્ટમાં રજુ કરતા તેને તા.૨૭ મી સુધી રિમાન્ડ મંજુર થયા હતા. ત્યારે સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આરોપી પોતે ઓનલાઈન ડ્રગ્સ મંગાવતો હોવાની કબુલાત કરી હોવાનું કહેવાય છે. તેની કબુલાત મુજબ તે કેટલાક બ્રાઉઝર અને એપ પર ઓનલાઈન સર્ચ અને ચેટીંગ કરીને ડ્રગ્સ મંગાવતો હોવાનું જાણવા મળ્યું છે. જેને અનુલક્ષી એસઓજી પોલીસે એફએસએલની મદદ માંગી છે.



### સારથી રાઇફલ શૂટિંગ એકેડમીનું વિજય દશમીના પર્વ નિમિત્તે શસ્ત્ર પૂજન

ગાંધીનગરના કુડાસણની સારથી રાઈફલ શૂટિંગ એકેડમી ખાતે વિજય દશમીના પર્વ નિમિતે શસ્ત્ર પૂજનનું આયોજન કરવાનામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ચીફ કોચ જય મહેતા અને કીર્તિબેન મહેતા દ્વારા શસ્ત્ર પૂજનની વિધિ તેમજ સ્ત્રોત અને મંત્રગાન સાથે પૂજા કરવામાં આવી હતી. આ પ્રસંગે જય મહેતા પરિવાર, સ્કૂલ ઓફ એચીવરનો સ્ટાફ, લે. કર્નલ શર્મા સર તેમજ ગાંધીનગર ડીસ્ટ્રીકટ રાઈફલ એસોસિએશનના પદાધિકારીઓ હિતેન્દ્રસિંહ રાઠોડ અને ગજેન્દ્રસિંહ બારડ હાજર રહ્યા હતા. સારથીના વિદ્યાર્થીઓએ પણ શસ્ત્ર પૂજામાં ભાગ લીધો હતો. અંતે કોરોનાના સમયમાં સૌથી શ્રેષ્ઠ ભેટ કહેવાય એવા માસ્કનું પણ વિતરણ કરવામાં આવ્યું અને દશેરાની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## લાડોલ હરિસિધ્ધ શકિત પીઠ માનતા ના ગરબાથી ઉભરાયું

ગાંધીનગર નજીક આવેલા વિજાપુર તાલુકાના લાડોલ ગામે હરસિધ્ધ માતાજીનું પ્રાચિન મંદિર આવેલું છે. ત્યાં દશેરાના ખુબ જ મોટો મહિમા છે. દશેરાના દિવસે હજારો ભકતો માતાજીના દર્શન કરવા માટે આવે છે. આ દિવસે સંતાન પ્રાપ્તિની માનતા રાખવામાં આવે છે, અને જે શ્રધ્ધાળુઓને ત્યાં સંતાન પ્રાપ્ત થાય તે આ દિવસે ગરબા મુકી માનતા પૂર્ણ કરે છે. જેને પગલે દશેરાના દિવસે મંદિર પરિસર સંપૂર્ણ ગરબાથી ભરાઈ ગયું હતું.



પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ગાંધીનગર તાલુકાના સાદરા ગામે નવીન બનનાર ગ્રામ્ય માર્ગનું આજે ધારાસભ્ય શંભુજી ઠાકોરે ખાતમુહૂર્ત કર્યુ હતુ. આ પ્રસંગે પૂર્વ તા.પં. પ્રમુખ શોભનાબેન વાઘેલા, કિસાન મોરચાના હિતેન્દ્ર પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રવિવારે સે-૨૧ના દિગંબર જૈન દેરાસર ખાતે મા-દિકરીએ દીક્ષા ગ્રહણ કરી

### મૂળ તલોદના વતની અને સે-૨૧માં રહેતા ૮૩ વર્ષીય ધીરજબેન શાહ અને તેમના દિકરી ૬૪ વર્ષીય અરૂણાબેને સંસાર ત્યાગી સંયમનો માર્ગ અપનાવ્યો : છેલ્લા ૨૦થી વધુ વર્ષોથી સંસારમાં રહીને પણ સાધ્વી જેવું જીવન જીવતા હતા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના સેકટર-૨૧ ખાતેના દિગંબર જૈન મંદિરે રવિવાર તા. ૨૫મી ઓકટોબરે એક અનોખો દીક્ષાગ્રહણ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં શહેરના સંપન્ન પરિવારના મા-દિકરીએ એક સાથે સંસાર ત્યાગ કરી સંયમના માર્ગે પ્રયાણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ૮૩ વર્ષીય માતા ધીરજબેન મણીલાલ શાહ અને ૬૪ વર્ષીય દિકરી અરૂણાબેન હસમુખભાઈ શાહ બંનેએ સે-૨૧ જૈન દિગંબર મંદિર ખાતે ચાતુર્માસ કરી રહેલા સાધ્વી પૂ. ૧૦૫ શુભમતિ માતાજીની નિશ્રામાં ગૃહ ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કર્યા બાદ અનુક્રમે ૧૦૫ સુપવિત્રમતિ માતાજી અને ૧૦૫ સુપાવનમતિ માતાજી નામ અપાયા હતા.



છેલ્લા ૨૦ વર્ષથી વધુ સમયથી સંસારમાં રહીને પણ સાધ્વી જેવું જીવન જીવતા અને જૈન ધર્મના માર્ગે મનને સંપૂર્ણ રીતે સમર્પિત કરી ચુકેલા મા-દિકરીનો પીઠીકમંડળ અને કેશલોંચ કાર્યક્રમ સે-૨૧માં દિગંબર જૈન મંદિરની પરસાળમાં યોજાયો હતો. આ પ્રસંગે તેમના પરિવારના સભ્યો તથા સમાજના અગ્રણીઓએ વિનયાંજલિ પાઠવી હતી. દીક્ષા કાર્યક્રમ અગાઉ પેથાપુરના સ્વપ્ન વિલા-૩ ખાતે સ્થિત પાર્શ્વનાથ દિગંબર જૈન ચૈતાલયમાં મા-દિકરીની ગોદ ભરાઈનો કાર્યક્રમ પણ યોજાયો હતો. જેમાં ગાંધીનગર-તલોદના જૈન અગ્રણીઓ કમલેશભાઈ શાહ, ગીરીશભાઈ શાહ, લોકેશભાઈ જૈન, તેજપાલ શાહ, હિમાંશુભાઈ શાહ, પત્રકાર મહેન્દ્ર ગાંધી (ગાયકવાડ), સંજયભાઈ શાહ, કેતનભાઈ શાહ વગેરે પરીવાર સહ ઉપસ્થિત રહ્યા હતા અને જૈન ધર્મનો જય જયકાર કર્યો હતો. ગીરીશભાઈ શાહે જૈન ધર્મનું પુસ્તક દીક્ષાર્થી મા-દિકરીને અર્પણ કર્યુ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લાના કરોલ ગામના મૂળ વતની એવા સ્વ. મણીલાલ શાહનો પરિવાર વર્ષો પહેલા તલોદ ગામ ખાતે સ્થળાંતરતિ થયો હતો અને તલોદને જ વતન બનાવી દેનાર આ પરીવારે છેલ્લા કેટલાંક વર્ષોથી ગાંધીનગર ખાતે પણ પોતાનું નિવાસસ્થાન બનાવ્યું હતું.

વરિષ્ઠ વયે સાંસારિક જીવનને ત્યાગી સંયમના માર્ગે ચાલી નીકળનાર દીક્ષાર્થી માતાજી ધીરજબેનના પુત્રો સુભાષભાઈ શાહ તથા સુનિલભાઈ શાહ, તેમના પુત્રવધુઓ, પૌત્ર-પૌત્રીઓ સહિત સગાં સ્નેહીજનોએ બંને સાધ્વીઓના ચરણસ્પર્શ કરી આશીર્વાદ ગ્રહણ કર્યા હતા. છેલ્લા ૨૦ વર્ષથી વધુ વયથી સંસારમાં રહીને પણ ત્યાગી જેવું જીવન જીવતા બંને દીક્ષાર્થીઓના મનમાં સંસાર ત્યાગનો ભાવ જાગતા દીક્ષાગ્રહણ માટે પરિવારજનો દ્વારા પ્રોત્સાહન અને સહયોગ પ્રાપ્ત થયો હતો અને પછી તેમણે જૈનેશ્વરી દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા ગ્રહણ બાદ ગણિની આર્યિકારત્ન શ્રી ૧૦૫ શુભમતિ માતાજીએ ધીરજબેનને શ્રી ૧૦૫ સપવિત્રમતિ માતાજી અને અરૂણાબેનને શ્રી ૧૦૫ સુપાવનમતિ માતાજી નામ આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમ કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર મર્યાદિત સંખ્યામાં પરિવારજનો-સ્નેહીજનો તથા સમાજના અગ્રણીઓની ઉપસ્થિતમાં સોશ્યલ ડિસ્ટન્સિંગ સાથે યોજાયો હતો.

# પોલીસ ધ્વજ દિને શહીદ પોલીસકર્મીઓને શ્રદ્ધાંજલી

ગાંધીનગર, તા. ૨૬

એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૨૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ પોલિસ ધ્વજ દિન નિમિતે શહેરની સુરક્ષા, શાંતિ અને સલામતી માટે પોતાના પ્રાણનું બલિદાન આપનાર પોલીસ પરિવારના પનોતા વીર શહિદો જૂજારસિહ દીપસિહ ચાવડા (અપકો) રખિયાલ પો.સ્ટે, રામ નિવાસ ગિલારામ સ્વામી (એસેસઆઈ) એસઆરપીગ્રૂપ-૨, કીર્તિકુમાર બાબુભાઈ (અપકો) ગોમતીપુર, અરવિદસિહ બાબુભાઈ અન્સારી (અપકો) નારણપૂરા, મહેશભાઈ રામજીભાઈ રાઠોડ (અપકો) જીઆઈડીસી, વટવા, ચંદ્રકાંત જયંતિભાઈ મકવાણા (અપકો) ક્રાઈમ બ્રાન્ચ, પ્રવિણ લાલચંદ ચોધરી (એએસઆઈ) ટ્રાફિક એમ પો.સ્ટે, વિનયકુમાર જગનસિહ યાદવ (અપકો) મણિનગર પો સ્ટે, બેહલીમ અલી મોહમ્મદ અલદખાન (એએસઆઈ) સહિત ૯૨૯ શહિદોને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે શહેરના બદલાવ સાથે તાલ મિલાવતી અમદાવાદ શહેર પોલીસે બાળકો, મહિલાઓ અને સીનિયર સિટિઝન માટેના અવેરનેસ કાર્યક્રમ, મહિલાઓ અને બાળકો માટે વિવિધ હેલ્પલાઈન, મહિલા બુટલેગરોના પુનર્વસન જેવી પ્રસંશનીય કામગીરી, ટ્રાફિકની વ્યવસ્થા તેમજ નિયમનની જવાબદારી સુપેરે નિભાવે છે. અમદાવાદ શહેરના દરેક વિસ્તારમાંથી મદદ માટે ૧૦૦ નંબર પર આવતા કૉલના તુરંત રિસ્પોન્સ માટે હંમેશા ૮૫ જેટલી પીસીઆરવાન હાજર રહે છે અને અમદાવાદ શહેરમાં ઘટતી ઘટનાઓ ઉપર ૨૪૮૭ સીસીટીવીથી સજ્જ કન્ટ્રોલ રૂમ સતત ચાંપતી નજર રાખે છે.



અમદાવાદ શહેર પોલીસ કોઈપણ પ્રકારની ગુનાખોરી, ચોરી કે આતંકવાદી પ્રવૃત્તિ અને અસામાજિક તત્વોને તાબે કરવા ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, સાયબર ક્રાઈમ સેલ અને મહિલાઓની સેવા અને સુરક્ષા માટે ખાસ મહિલા પોલીસ સ્ટેશન અને મહિલા ક્રાઈમ બ્રાન્ચ ધરાવે છે.

ખાખીના ખમિરને ઉજાગર કરનારા પોલીસ પરિવારમાં અમદાવાદ ખાતે ૫૨ જેટલા પોલીસ સ્ટેશન અને ૧૪ જેટલા ટ્રાફિક પોલીસ સ્ટેશન છે તેમજ આશરે ૧૩૦૦૦થી વધુ કર્તવ્યનિષ્ઠ પોલીસ એક પરિવારની જેમ શહેરની સેવા, શાંતિ અને સુરક્ષાની ભૂમિકા ભજવે છે.

# ઈન્ફોસીટી સુપરમોલ-૨ના પાર્કિંગમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં વાહનચોર ટોળકી સક્રિય બની છે. શહેરમાંથી છાશવારે બાઈક ચોરીની ઘટના સામે આવે છે. વાહનચોરને પકડવા માટે પોલીસ કમરકસી રહી છે.ત્યારે બીજીતરફ વાહનચોર બિન્દાસ્ત બની વાહનચોરીને અંજામ આપી રહ્યા છે. ત્યારે શહેરના ઈન્ફોસીટી સુપરમોલ-૨ ના પાર્કીંગમાંથી ધોળાકુવાના યુવકના બાઈકની ચોરી થઈ છે. બાઈક પાર્ક કરીને યુવક સુપરમોલ-૨ ખાતે કાર્યરત ઓફિસમાં નોકરી પર ગયો હતો. જયારે ઘરે જવા માટે યુવક નીકળ્યો ત્યારે બાઈક પાર્ક કરેલી જગ્યાએ ન હતું. જેથી યુવકે ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ.૧૨ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે બાઈક ચોરને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ધોળાકુવા રામવસાહત મકાન નં.૨૯૨ ખાતે રહેતા ઘેવાજી મેઘવાલ ઈન્ફોસીટી સુપરમોલ-૨ ખાતે એકાઉટન્ટ તરીકે ફરજ બજાવે છે.ગત તા.૨૪ ના રોજ ફરીયાદી બાઈક નં. જી.જે.૧૮.સી.ઈ.-૧૩૪૬ સુપર મોલ-૨ ના પાર્કિંગમાં પાર્ક કરીને નોકરી ગયો હતો.ત્યારબાદ નોકરીથી પરત ફરીને જોયું તો પાર્કિંગમાં બાઈક ન હતું. ફરીયાદીએ બે દિવસ સુધી પોતાની રીતે શોધખોળ કરી હતી. પરંતુ બાઈક નહી મળી આવતા આખરે ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ.૧૨ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# ચિલોડા ગામમાં રખડતી-વિફરેલી ગાયે આતંક મચાવ્યો

### ચિલોડા વિસ્તારમાં રખડતી ગાયોનો ત્રાસ : ગાયે એક મહિલા અને તેના બાળકને પગ વચ્ચે ડબાઈ શીંગડાથી મહિલાને ગંભીર રીતે ઘાયલ કરી : લોકોની દોડધામ મચી







ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા મોટા ખાતે ૧૫૦ થી વધુ રખડતી ગાયોના અડીંગાથી જાહેરમાર્ગો-સર્કલ પર ગામના પ્રવેશદ્વારે ભારે અડિંગાથી અકસ્માત વાહન, ટ્રાફિક અને ખેતરોમાં ઉભા પાકના ભેલાણના પ્રશ્ને ગ્રામવાસીઓ ભારે ત્રાહિમામ પોકારી રહ્યા છે. ત્યારે આજે વહેલી સવારે ૬.૩૦ વાગે ચિલોડા-દહેગામ જવાના માર્ગ પાસે ચિલોડાના ગરનાળા પાસે એક રખડતી-વિફરેલી ગાયે ઉમિયાનગર સોસાયટી, ખારાવાળોવાસ રહેણાંક વિસ્તારમાં આતંક મચાવતાં મીલીટરી રહેણાંકમાં રહેતી એક મહિલા-બાળક સાથે ગરનાળા પાસેથી પસાર થતી હતી ત્યારે મારકણી-વિફરેલી ગાયની ઝપટમાં આવી જતાં ગાયે મહિલા અને બાળક બંનેને પગ નીચે દબાઈ અણીદાર શીંગડાથી નિશાન બનાવ્યા. ત્યારે મહિલાએ પોતાના બાળકને બચાવવા જાતે બાળકને પોતાના નીચે અને મહિલા બાળકની ઉપર રહીને ગમે તે સંજોગોમાં બાળકને બચાવવાના પ્રયાસો કર્યો હતો. પરિણામે ગાયે મહિલાના પીઠ પાછળ સતત સીંગડાનો પ્રહારથી મહિલા ગંભીર રીતે ઘવાયા હતા. આ દરમ્યાન બચાવો-બચાવોના બુમથી આજુબાજુના ૫૦ થી વધુ લોકો મહિલાને બચાવવા મરણિયો પ્રયાસ કર્યો હતો. આ સમયે શીખ યુવાનોએ હિંમતભેર મહિલા અને બાળકને ખેંચી લઈ માંડ માંડ છોડાવ્યા હતા. આ સમગ્ર વિસ્તારમાં વિફરેલી ગાયના કૃત્યથી ગામ આગેવાનો અને યુવાનોએ બે ટ્રેક્ટરો સાથે ગાયને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. આ બનાવથી સમગ્ર ગામમાં વિફરેલી ગાયના સંદેશાથી લોકોમાં ડરનો માહોલ સર્જાયો હતો અને ચિલોડા પંથકમાં રખડતી ગાયોના અડીંગાથી ક્યારે છૂટકારો મળશે તેવી તરહ તરહની વાતો વહેતી થઈ હતી.